અમારા માનવંતા સૌ વાચકોને દીવાળી અને નવા વર્ષની હાર્દીક શુભકામનાઓ...

આ સદીની સિદ્ધિરૂપ, ૪૫ લાખ જેટલા શબ્દોના

મહાભારત જેવા શબ્દભંડોળની, ગુજરાતીઓને

## ‘લેક્સિકોન’

મારફત ચિરંજીવ ભેટ અર્પનાર એના રચયિતા

# રતિલાલ ચંદરયા

હવે આપણી વચ્ચે નથી એમ માનવા હ્રદય તૈયાર નથી... પણ તે હકીકત છે..



જન્મ : વીજયાદશમી : ૨૪–૧૦–૧૯૨૨ ... નિર્વાણ : વીજયાદશમી : ૧૩–૧૦–૨૦૧૩

(સ્વર્ગસ્થ પત્નીનું નામ પણ ‘વીજયા’)

*અને હવે વાંચો આજની આ ‘સ.મ.’*

## તીલકા

–‘ધુમકેતુ’

મોતીરામને પહેલાં તો નવાઈ જ લાગી. કોઈ દીવસ બે શુકન વીના ગોપાળની વાત ન કરનારી તીલકા આજે આ શું બોલી રહી હતી ?

એણે એક પળ તીલકા સામે જોયું. એના ચહેરામાં ખરેખર કાંઈક ફેરફાર હતો. એણે જે કહ્યું તેની સચ્ચાઈ ત્યાં બેઠી હતી. પણ એ તો તીલકાનું ભલું પુછવું ! ઘડી ઘડીના રંગ

બતાવનારને હાથે પાછો પોતે મુરખ ન બની જાય તે માટે મોતીરામ સંભાળથી બોલ્યો "લે, આજ તો તારી રસોઈ પણ કાંઈ ઓર બની છે ! કાંઈ થયું છે કે શું ?

"થાય શું ? મારી રસોઈ તો હમ્મેશાં આવી જ હોય છે. પણ તમારું મન ઠેકાણે હોય તો ને ? પણ મેં કહ્યું એ વાત કેમ ખાઈ ગયા ? ગોપાલને ક્યારે બોલાવો છો ?"

"બોલાવીશું, બોલાવીશું. હજી તો હમણાં જ ગયો છે !"

"હમણાં શેણે ગયો છે ? આજ દીવસ થાશે પંદર !"

"પણ એક–બે મહીના રહેવા દે. ત્યાં મામી જરાક ખોખરો કરશે, તો તારો જીવ લેતો આળસશે ! હું એને બોલાવું તો આહીં આવશે કે પછી તારે એની એ પંચાત ! નાતાં, ખાતાં, વાત કરતાં, રમકડાં આપતાં રડ, રડ ને રડ ! બે મહીના ભલે ત્યાં રહ્યો !"

"પણ મને સૌ ખાઈ જાય છે.'

"એ તો બોલે સૌ. બે દી બોલશે. એમને જો વીતે, તો ન બોલે !'

તીલકાની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં.

મોતીરામ બોલ્યા : "અરે ! પણ એમાં રડે છે શાની ? બીજા બોલે છે; પણ મેં કહ્યું છે તને કંઈ ?"

"તમે કહ્યું નથી; પણ મને હવે તો જાણે સૌ કહી રહ્યાં છે !"

"સૌ એટલે કોણ કોણ ? એક તો આપણાં ઝમકુકાકી હશે. એ ચોવીસે કલાક નવરાં છે !"

તીલકા આંખ લુછીને ગંભીર થઈ ગઈ : "મને સૌ કહી રહ્યાં છે. ઝમકુકાકી પણ નહીં ને જડાવમામીયે નહીં. એ કોઈ કાંઈ બોલતાં નથી; પણ બીજાં મને બોલી રહ્યાં છે !"

"એકનું નામ લે ને !"

'એક તો જાણે – આ તમારી જુઈની વેલી !"

"જુઈની વેલી !"

મોતીરામ સાંભળીને નવાઈ પામી ગયો ! પહેલાં તો એ કાંઈ સમજ્યો નહીં. પોતાની બીજી વહુ પણ ગાંડી થઈ ગઈ કે શું ? એવું એને મનમાં લાગતાં એ ગભરાટમાં પડી ગયો. એની પહેલી વહુ નર્મદા સુવાવડમાં ગાંડી થઈને મરી ગઈ હતી ને છ વરસના ગોપાળને સાચવવાનું એના માથા પર આવ્યું હતું. એણે માન્યું હતું કે તીલકા એ છોકરાને જાળવી લેશે. પણ તીલકા તો દીવસના એક હજાર રંગ દેખાડનારી અજબની બાઈ નીકળી ! ગોપાળને સાચવવાનો તો એક બાજુએ રહ્યો; પણ ગોપાળના વાંક વીનાની એક વાત એની પાસે ન હોય ! તેલ ગોપાળે ઢોળ્યું હોય. પ્યાલો ગોપાળને સંભારતાં ફુટી ગયો હોય. દાળ દાઝી હોય તો પ્રતાપ ગોપાળનો હોય. દુધ ઉભરાઈ ગયું હોય; પણ એ તો ગોપાળ કુતરાની પાછળ દોડતો હતો ને પોતે એને લેવા દોડી તેમાં એમ થયું હોય !

આખા ઘરની ગેરવ્યવસ્થા ગોપાળને નામે ચડતી. ગોપાળને નામે બધી જ વાત બનતી. અને હમ્મેશાં સાંજે તો આ છોકરાથી થાકીને તીલકાએ રોવાનું જ બાકી રાખ્યું હોય !

ને તેય મોતીરામના દેખતાં જ શરુ થાય.

એટલે મોતીરામ થાકીને ગોપાળને એના મામાને ત્યાં મુકી આવ્યો હતો. ત્યાર પછી ઘરમાં શાન્તી હતી. પણ તીલકાને આજે આવી વાત કરતી જોઈને મોતીરામ આશ્ચર્યમાં પડી ગયો ! એને પહેલાં લાગ્યું કે સુરજ પશ્ચીમમાં ઉગવાનો કે શું ?

પણ જુઈની વેલીની વાત સાંભળીને તો એ ગભરાટમાં પડીગયો ! એને થયું કે તીલકા પણ ગાંડપણને પંથે વળી કે શું ?

તેણે તેની સામે જોઈને કહ્યું : “આવી ગાંડી વાત શું કરે છે ? જુઈની વેલી ક્યાંય બોલતી હશે ?”

“જુઈની વેલી તો બોલે છે; પણ પેલો કરણનો છોડ પણ બોલે છે ! એ પણ કહે છે, બાઈ, તારો દીકરો તેં ક્યાં મુક્યો ?” તીલકા કંઈક આવેશથી બોલી.

“લે હવે ગાંડાં કાઢ મા, ગાંડાં. બોલ, આજે આપણે જાવું છે સીનેમામાં ?”

‘ગોપાળ વીના નહીં !” તીલકા બોલી.

“પણ તને થયું છે શું, તીલકા ? કેમ આમ અચાનક ગોપાળની વાત કરવા મંડી છે ? એક મહીનો એ ભલે ત્યાં રહ્યો .”

“પણ મને જાણે તમારું આખું ફળી ઠપકો આપતું સંભળાય છે !”

“હવે ઘેલાં કાઢ મા, ઘેલાં !”

મોતીરામ સમજી શક્યા નહીં કે આવો અચાનક ફેરફાર તીલકામાં ક્યાંથી આવી ગયો ? એણે ક્યાંક પુસ્તકમાં વાંચ્યું હતું કે આવા અચાનક ફેરફારો ગાંડપણની આગાહી કરે છે.

આ તીલકા પણ ગાંડી થઈ જશે તો દુનીયા આખી એને હસશે !

તે હાથ ધોઈને એકદમ ઉભા થઈ ગયા : “તને બતાવવાનું તો હું ભુલી ગયો,” તે પ્રેમથી બોલ્યા, “આપણા ફોટા આવ્યા છે !” તે બહાર જઈને કોટના ખીસ્સામાંથી ફોટા લઈ આવ્યા.

પણ તીલકાએ તો તેની સામે પણ જોયું નહીં !

મોતીરામને આ ફેરફારનું મુળ સમજાયું નહીં.

એટલામાં ત્યાં ફળીમાં રહેનારી કાળવી કુતરી બારણે આવી ચડી. મોતીરામને નવાઈ લાગી. તીલકા આ કુતરી સામે જોઈ રહી હતી. એમને લાગ્યું કે ખરેખર, આ તો ગાંડપણની શરુઆત લાગે છે. તેની પછવાડે ચાર નાનાં ગલુડીયાંની લંગાર લાગી હતી. એટલામાં તો “બીચ્ચારાં” એમ બોલીને તીલકા ત્યાંથી તરત ઉભી થઈ ગઈ.

મોતીરામને એની વાતમાં કાંઈ સમજ પડી નહીં. કુતરીનાં ચાર ગલુડીયાં તરફ જોઈને એમને કાંઈક સાંભરી આવ્યું હોય એમ બોલ્યા : "આની ભેગાં બે બીજાં બચ્ચાં કોનાં આવ્યાં છે ? આ પણ આખાં મલકનાં ભેગાં કરે છે !"

તીલકા મોતીરામને જવાબ આપતી હોય તેમ ધીમેથી બોલી : "હું પશુમાંથી પણ ગઈ એમ ?"

"શાની વાત કરે છે ?' મોતીરામે ઉતાવળે પુછ્યું.

"આ બધાં બચ્ચાં આનાં નથી, એ તમને ખબર છે ?"

મોતીરામને નવાઈ લાગી. તેણે વાત આગળ વધારવા માટે જ કહેવાની ખાતર કહ્યું : "ના."

"ત્યારે જુઓ. પેલી આપણી લાલ કુતરી બે દીવસ પહેલાં મોટરમાં આવી ગઈ અને એના કુદડેકુદડાં થઈ ગયાં !"

"અરર ! પણ એને તો બીચારીને બે બચ્ચાં હતાં !"

"તે બે દી તરફડતાં રહ્યાં. રોતાં ફર્યાં. ત્રીજે દીવસે આ કાળવીએ પોતાનાં બે બચ્ચાં સાથે એમને પણ જાળવી લીધાં છે ! આજ બે દીવસ થયા હું એ જ જોયા કરું છું. એનાં બચ્ચાં પેલી મરેલી માનાં બચ્ચાંને લડે છે, તો આ કાળવી નમાયાંનો પક્ષ ખેંચે છે ! અને આ તો પશુ છે ! મને લાગે છે, મને આ આખું ફળી જાણે એકલી બેઠી હોઉં ત્યારે ઠપકો આપે છે ! તું પશુમાંથી પણ ગઈ !" અને તીલકા રોટલો લાવીને પેલાં બચ્ચાં પાસે ભુકો કરવા બેસી ગઈ. મોતીરામ એ જોઈ રહ્યો. એટલામાં તીલકાની આંખમાંથી દડદડ આંસુ પડવા માંડ્યાં. તે પોતાના પાલવથી આંસુ લો'તી બોલી : "તમારે મને પશુમાંથી ન કાઢવી હોય તો ગોપાળને તેડાવી લ્યો. આ તમામ વૃક્ષો ને ફળી પણ જાણે મને કાંઈક કહી રહ્યાં હોય એવું લાગે છે. હું પશુથી પણ નપાવટ થઈ ગઈ, એમ ?"

મોતીરામ તો વાતનો આવો અંત જોઈને પળવાર સ્તબ્ધ જ થઈ ગયો !

એટલામાં તીલકા બોલી : "તમે ગોપાળને બોલાવવાનું કરશો તે પછી જ મારે ઘી ખપે તેમ છે. આ પશુને કોણ કહેવા આવ્યું હતું કે તું નમાયાંને સંભાળી લેજે ? એને કોણે કહ્યું, કહો !"

"અરે ! આવી વાતમાં તે શું જીવ રાખે છે ?" મોતીરામ બોલ્યા.

"તમે મને પેલી વાત કહી હતી તે મને સાંભરે છે. પેલા એક સાધુ હીંદ છોડી જતા હતા ત્યાં ત્રણ નમાયાં કુતરાંનાં બચ્ચાંને જોઈને, પોતાના અંચળામાં એમને રાખી લીધાં. એ કોની વાત છે ?

"એક સાધુ હતા. અતીશા એનું નામ."

"એ હૃદય કેવું હશે ? – જેણે પેલાં ત્રણ નમાયાં બચ્ચાંને પોતાનાં કરી લીધાં !"

–ધુમકેતુ

(મુળ નામ : ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી, જન્મ : ૧૨–૧૨–૧૮૯૨ અવસાન : ૧૧–૦૩–૧૯૬૫)

–ધુમકેતુની વાર્તાઓ (સમ્પાદક : અનન્તરાય રાવળ : 'આપણો સાહીત્ય–વારસો' : ૧૯૭૩–પાંચ પુસ્તકોનો સમ્પુટ, આવૃત્તી પહેલી : ૨૬ જાન્યુઆરી, ૧૯૭૩, આ પાંચેય પુસ્તકોના સમ્પુટની કીમત રુપીયા – દસ, પ્રકાશક : મહેન્દ્ર મેઘાણી, લોકમીલાપ ટ્રસ્ટ, ૧૫૬૫ સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧) પાન ૧૩૩ પરથી સાભાર.. ઉત્તમ ગજ્જર..)

●●●●●

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ : નવમું - અંક : 282 – November 03, 2013

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

●●●


Pop-Up Dictionary Application – Live !

*AppFest - 2013 Winning App Now Available on Google Play Store !*

Arnion Technologies announces the launch of awaited Gujaratilexicon 'Pop Up Dictionary' - A Handy Language Tool for Android Users !

Pop-Up Dictionary is an Offline Application containing English to Gujarati and Gujarati to English dictionaries. Application will assist users to find meanings On The Go !

: Effective Features :

1. Inbuilt Search Box
2. Auto Suggest & List View Meaning
3. Find Meaning Of Any Editable Word In Device
4. Copy Word & Get The Meaning

Download Application from :
https://play.google.com/store/apps/details?id=com.arnion.glpopup

Gujaratilexicon's Other Mobile Applications :

Gujaratilexicon is inspired to continue vision of modernizing and spreading Gujarati Language through adoption of latest technology. Gujaratilexicon Team is looking forward to cater Techno-Language projects to the Gujarati Lovers in the year ahead.

**Download Gujaratilexicon Various Mobile Applications From Below Link :**

**Android - https://play.google.com/store/search?q=gujaratilexicon**

**Blackberry - http://appworld.blackberry.com/webstore/search/gujaratilexicon/?**

**iPhone - https://itunes.apple.com/us/app/gujaratilexicon-dictionary/id663856148?mt=8**

&&&

More than 2,50,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 23,20,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 5,41,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com


@@@@@@@@@